**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૯/૦૨/૨૦૧૯ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૫૮/૧૯**

**અમદાવાદ શહેરના નારણપુરા પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી વાહન ચોરીના આરોપીઓને મુદ્દામાલ હોન્ડા એક્ટીવા સાથે ઝડપી પાડતી નારણપુરા પોલીસ.**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧, સાહેબ અમદાવાદ શહેર, તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "બી" ડિવીઝન અમદાવાદ શહેર, નાઓએ મિલ્કત સંબંધી ગુના શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ સુચના આપેલ, જે અનુસંધાને નારણપુરા પો.સ્ટે.ના પો.ઈન્સ. શ્રી જે.આર.પટેલ સા,નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના અ.હે.કો. પ્રદિપસિંહ શિવસિંહ તથા અ.હે.કો. નરેન્દ્રસિંહ બચુભા તથા અ.હે.કો ક્રિપાલસિહ સજ્જનસિંહ ,પો.કોન્સ. ભરતસિંહ હિમ્મતસિંહ, તથા પો.કો. કેશરીસિંહ ચંદુભાઈ, તથા પો.કો. સરદારસિંહ ભરતસિંહ, તથા પો.કો. જયંતીભાઇ વિરમભાઇ, વિગેરે નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન અ.હે.કો. પ્રદિપસિંહ શિવસિંહ તથા પો.કોન્સ. ભરતસિંહ હિમ્મતસિંહ નાઓની ખાનગી બાતમી હકિકત આધારે નારણપુરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૦૯/૧૯ ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના કામના આરોપી નં (૧) મહેન્દ્ર ઉર્ફે મોદો ઉર્ફે સી એમ , સ/ઓ ગફુરચંદ નંગલીયા (મારવાડી) ,રહે મુળવતન ગામ ભાદવા, તા .પરવતસર, જિ. નાગોર, રાજસ્થાન હાલ રહે ,છગનભાઈ ની રૂમમા ચામુંડાનગરની ચાલી નારણપુરા ગામ પાસે, નારણપુરા અમદાવાદ શહેર નં (૨) રૂપેશ ઉર્ફે રાજવિર સ/ઓ પ્રેમારામ ખોડવાલ (મારવાડી) રહે ,મુળવતન ગામ, ઈડવા, તા. મેડતા સીટી ,જી નાગોર હાલ રહે ,રાજુભાઈ રબારી ના મકાન મા ચામુંડા નગર નારણપુરા ગામ પાસે, નારણપુરા અમદાવાદ શહેર નાઓને નારણપુરા ખોડીયાર માતાના મંદિર પાસે જાહેર રોડ પરથી ચોરીએ ગયેલ હોંડા એક્ટિવા નં- GJ-01-U.K.-8464 કિ.રૂ.૫૫,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી વણશોધાયેલ ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**અમદાવાદ શહેરના નારણપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોબાઈલ ચોરીના આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડતી નારણપુરા પોલીસ**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ સાહેબ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "બી" ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સંબંધી ગુના શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ સુચના આપેલ જે અનુસંધાને નારણપુરા પો.સ્ટે. ના પો.ઈન્સ. શ્રી જે.આર.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના અ.હે.કો. પ્રદિપસિંહ શિવસિંહ તથા અ.હે.કો. નરેન્દ્રસિંહ બચુભા તથા પો.કો. કેશરીસિંહ ચંદુભાઈ તથા પો.કો. સરદારસિંહ ભરતસિંહ તથા પો.કો. જયંતીભાઈ વિરમભાઇ વિગેરે નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના અ.હે.કો. નરેન્દ્રસિંહ બચુભા તથા પો.કો. કેશરીસિંહ ચંદુભાઈ નાઓની ખાનગી બાતમી આધારે આરોપી હિતેષ ઉર્ફે હિતુ ઉર્ફે ધરમ સ/ઓ મંજીભાઈ રાજગોર ઉવ.૧૯ રહે- વેરશીપટેલ ની ચાલી રામાપીરના મંદીર સામે,ગાંધીનગરનો ટેકરો, સોરાબજી કંપાઉન્ડ,જુનાવાડજ,અમદાવાદ શહેર નાને ઘાટલોડિયા વાડજ,નવરંગપુરા, પો.સ્ટે ની હદ વિસ્તાર માથી ચીલઝડપ કરેલ અલગ અલગ કંપનીના મોબાઈલ નંગ ચાર કુલ્લે કિ.રૂ ૧૫૦૦૦/-ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરેલ છે સદર આરોપીની સઘન પુછપરછ કરતા પોતે "સોલા હાઈકોર્ટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૪૭/૧૮ ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ ના ગુનામા નાસતો ફરતો હોવાની કબુલાત કરતો હોય જરૂરી રજીસ્ટરે તપાસ ખાત્રી કરી ,સદરી આરોપી ની ધડપકડ થવા સારૂ સોલા હાઈકોર્ટ પો.સ્ટે. સોપેલ છે.

## છેલ્લા એક વર્ષ થી પરપ્રાતના દારુના ગુન્હામાં સાંબરકાંઠ પ્રાતિજ પોલીસ સ્ટેશન ના નાસ્તા ફરતા/વોન્ટેડ આરોપીને શોધી કાઢતી

## રાણીપ પોલીસ સ્ટેશન

મેરબાન પોલીસ મહાનિરક્ષકશ્રી નાઓની સુચનાથી નાસ્તા/ફરતા આરોપીઓને પકડવાના સેમીનાર અન્વેય મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેકટર ૦૨ તથા મે નાયબ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી ઝોન ૦૬ તથા મે નાયબ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી ઝોન ૦૨ અમદાવાદ શહેર નાઓ તમામ અધિકારી શ્રી ઓ તરફથી આપવામાં આવેલ જુરી સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારના નાસ્તા ફરતા/વોન્ટેડ આરોપીઓને પકડવાની ડ્રાઇવનુ આયોજન કરેલ હોય જે ડ્રાઇવ અનુસંધાને પોલીસ ઇન્સ્પેકટર જે.જી.પટેલ રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ પી.આર.બાંગા નોકરી સર્વેલન્સ સ્કોડ રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર તથા બીજા સર્વેલન્સ સ્કોડના માણસોએ સાંબરકાંઠ પ્રાતિજ પોલીસ સ્ટેશન પ્રોહિ ગુ.ર.નં ૫૦૯૮/૨૦૧૭ ધી પ્રોહિ એકટ કલમ ૬૫ (ઇ) ૧૧૬ (બી) ૯૮ (૨) મુજબના ગુનાના કામના નાસ્તા ફરતા/વોન્ટેડ આરોપી અંકિત સ/ઓ પિતાબરભાઇ જાતે પરમાર ઉવ.૨૨ રહે.મકાન નંબર ૨૭/૦૨ મગનપુરા પી.એન.ટી કોલોની પાછળ રાણીપ અમદાવાદ શહેર નાઓને આજરોજ તારીખ ૦૮/૦૨/૨૦૧૯ કલાક ૨૧/૦૦ વાગ્યે સી.આર.પી.સી કલમ ૪૧(૧)આઇ મુજબ અટક કરી સાંબરકાંઠ પ્રાતિજ પોલીસ સ્ટેશન મુકામે સોપવા તજવીજ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે

## ૨૦ વર્ષથી નાસતો ફરતો આરોપીને પકડતી બાપુનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓ ના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબનાઓએ ગુજરાત રાજ્યના અલગ અલગ જીલ્લાના નાસતા ફરતા આરોપી પકડવા આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૬ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એચ" ડિવીઝનનાઓના માર્ગદર્શન હેઠળ બાપુનગર પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એચ.બી.ચૌધરી સાહેબ તથા સર્વેલન્સ સ્કોર્ડ પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે.પી.તરેટીયા તથા સર્વેલન્સ ટીમ તથા ભરૂચ જીલ્લાના લોકલ કાઇમ બાન્ચના પો.સ.ઇ. શ્રી એ.એસ.ચૌહાણ સાહેબના સામુહીક પ્રયાસથી પો.કો. હર્દિકકુમાર દુર્ગાશંકર તથા એલ.આર. કૌશીકસિંહ અરશીભાઇનાઓની સંયુક્ત બાતમી આધારે અંક્લેશ્વર પોલીસ સ્ટેશન ફ. ૩૫૧/૯૮ ઇપીકો કલમ ૪૫૭ ૩૮૦ વિગેરે મુજબના કામનો નાસતો ફરતો આરોપી અખ્તર @ કાલીયા ઇસ્લામભાઇ સૈયદ (હાસમી) ઉવ ૪૭ રહે. રાજીવનગરનો ટેકરો ઝુપડ પટ્ટી રામોલ અમદાવાદ શહેરનાને આજરોજ તા.૦૯/૦૨/૨૦૧૯ ના ક. ૦૦/૧૫ વાગે પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે. તા.૦૯/૦૨/૨૦૧૯

## "સડક સુરક્ષા જીવન રક્ષા"

આજરોજ તા..૯/૨/૨૦૧૯ ના રોજ પોલીસ મહાનિરીક્ષકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર (એસ.ટી.બી.) નાઓ દ્વારા દેશમાં દર વર્ષે લાખો વ્યક્તિઓ માર્ગ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવે છે તેમજ અકસ્માતમાં કાયમી અપંગતા,માલ મિલ્કતનું પણ ઘણુ નુકશાન લોકોને થાય છે.જે અનુસંધાને માર્ગ સલામતી માટે જાગૃતી લાવવા માટે **"રાષ્ટ્રીય માર્ગ સલામતિ સપ્તાહ"** ની ઉજવણી સારુ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "એલ" ડિવીજન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ બી.કે.ગમાર પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓ  તથા પો.કો.જગતાભાઇ ધુડાભાઇ તેમજ પી.સી.આર.-૨૫ સ્ટાફના માણસો સાથે અભિનવ હાઈસ્કુલ વિસત ચાંદખેડા ખાતે સેમિનારનુ આયોજન કરી વિધ્યાર્થીઓ ને બેનરો સાથે રાખી ટ્રાફીક નિયમોનુ પાલન કરવા ટ્રાફીકમાં રસ્તા પર આવતા ચિન્હોની ઓળખ આપી પ્રેક્ટિકલ સાથે સમજ કરેલ અને તેઓ તેઓના માતા-પિતા,પરીવારમાં જણાવી જાગૃત કરે.જે બાબંત નુ વક્તવ્ય આપેલ છે.









**<u>સરખેજ પોલીસ સ્ટેશનઃ</u>**

**મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેનાંસરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સબંધી ગુન્હામાં પકડાયેલ ઇસમ રહીમ ઉર્ફે ધમો ઉસમાનભાઇ મુસેવાલા (વોરા) ઉ.વ.૨૭ રહે.મ.નં-૧ અલનુર રેસીડેન્સી,સાવન પાર્ટી પ્લોટની પાછળ, અંબરટાવર ૧૦૦ ફુટ રીંગ રોડ,સરખેજ અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધમાં ગુન્હાઓ એકત્ર કરી કરાવી અત્રેથી મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓને દરખાસ્ત પાઠવી મે,પોલીસ કમિશ્નર શ્રી ની કચેરી નાઓ તરફથી ક્રમાંક પીસીબી/ડીટેઇન/પાસા/૧૨૦/૨૦૧૯ તા.૦૬/૦૨/૨૦૧૯ થી "પાસા" હુકમ થયેલ હોય અને સદર ઇસમ નાને સદર "પાસા" હુકમની બજવણી કરાવી "ભુજ પાલારા જેલ" ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે**

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.